


RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 209
Dt.: 11-04-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


# યુપીના વૃંદાવનમાં મોટી દુર્ઘટનાઃ યમુનામાં હોડી પલટી જતાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત

## કેસી ઘાટ પાસે નદીમાં બનેલા લોખંડના પેન્ટૂન પુલ સાથે હોડી જોરદાર રીતે અથડાઈઃ ૧૭ લોકોને બહાર કઢાયા



(સંપૂર્ણ સમાચાર સેવા)મથુરા
ઉત્તર પ્રદેશના મથુરામાં હૃદય હચમચાવી દે તેવી દુર્ઘટના સર્જાઈ છે. શુક્રવારે બપોરે વૃંદાવનના પ્રખ્યાત કેસી ઘાટ પાસે શ્રદ્ધાળુઓથી ભરેલી એક હોડી યમુના નદીમાં પલટી ગઈ હતી. આ ભયાનક અકસ્માતમાં ૧૦ શ્રદ્ધાળુઓના ડૂબી જવાથી મોત થયા છે, જ્યારે અનેક લોકો હજુ પણ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાની ગંભીરતાને જોતાં મૃત્યુઆંક હજુ પણ વધે તેવી આશંકા છે. મળતી માહિતી મુજબ, હોડી વૃંદાવન અને માન વચ્ચે મુસાફરોને લઈ જઈ રહી હતી. હોડીમાં ક્ષમતા કરતાં વધુ એટલે કે અંદાજે ૩૦ જેટલા લોકો સવાર હતા. કેસી ઘાટ પાસે નદીમાં બનેલા લોખંડના પેન્ટૂન પુલ સાથે હોડી જોરદાર રીતે અથડાઈ હતી અને સંતુલન ગુમાવતા નદીના ઉંડા પાણીમાં પલટી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને તરવૈયાઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રેસ્ક્યુ ઓપરેશનમાં ૧૭ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, કમનસીબે ૧૦ લોકોના જીવ બચાવી શકાયા નથી. વહીવટીતંત્રે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને આ મામલે તપાસના આદેશ આપ્યા છે. આ દુર્ઘટનામાં મોટા ભાગના શ્રદ્ધાળુ પંજાબના લુધિયાણાથી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. મથુરાના જિલ્લા મેજિસ્ટ્રેટ સી.પી. સિંહે આ દુર્ઘટનાની સત્તાવાર વિગતો આપતા જણાવ્યું કે બચાવ કાર્ય હજુ પણ યુદ્ધના ધોરણે ચાલુ છે. DM સી.પી. સિંહે જણાવ્યું કે, આજે બપોરે અંદાજે ૨.૪૫ વાગ્યે યમુના નદીમાં અત્યંત દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત સર્જાયો હતો. લુધિયાણાથી અંદાજે ૩૦ શ્રદ્ધાળુઓ મથુરા આવ્યા હતા અને તેઓ બે હોડીમાં સવાર થઈને નદીમાં ફરી રહ્યા હતા. કેસી ઘાટ પાસે આમાંથી એક હોડી ડૂબી ગઈ હતી. અત્યાર સુધીમાં ૧૦ મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે ૧૬થી ૧૭ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

### વર્તમાનમાં જાહેર હિતની અરજીઓનો દુરુપયોગ વધુ થઈ રહ્યો છેઃ સોલિસિટર જનરલ

# PIL સિસ્ટમનો અંત જરૂરી, સુપ્રીમમાં કેન્દ્રની રજૂઆત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ જાહેર હિતની અરજીઓ (PIL)ના માળખાની સમીક્ષા કરવા અને તેનો સંપૂર્ણ અંત લાવવા રજૂઆત કરી છે. સરકારે દલીલ કરી હતી કે, જે હેતુ સાથે PILની શરૂઆત કરવામાં આવી હતી, તે હવે મહદઅંશે પૂરો થઈ ગયો છે. વર્તમાનમાં તેનો દુરુપયોગ વધારે થઈ રહ્યો છે. હાલના સમયમાં ન્યાય વ્યવસ્થા વધારે પારદર્શક અને સુલભ થઈ હોવાથી PILની જરૂરિયાત રહેતી નથી. કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મેહતાએ ચીફ જસ્ટિસ સૂર્યકાંતના વડપણ હેઠળની 9 જજની બંધારણીય બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી કે, સામાજિક અથવા આર્થિક રીતે નબળા વર્ગ માટે PILની શરૂઆત કરવામાં આવી હતી. ગરીબી, નિરક્ષરતા, વિકલાંગતા અથવા સામાજિક બહિષ્કાર જેવા કારણોસર ન્યાય માટે કોર્ટ સુધી પહોંચવામાં સક્ષમ ન હોય તેવા નાગરિકોના હક માટે ત્રીજી વ્યક્તિ અથવા સંસ્થાને કોર્ટમાં અરજી દાખલ કરવામાં મદદ મળે તે હેતુથી PILની શરૂઆત થઈ હતી. બંધુઓ મુક્તિ મોર્ચા વિરુદ્ધ ભારત સરકારના કેસમાં આ સિસ્ટમ મદદરૂપ પણ થઈ હતી. સોલિસિટર જનરલ તુષાર મેહતાએ લેખિત અને મૌખિક રજૂઆતમાં દલીલ કરી હતી કે, દેશમાં છેલ્લા પાંચ દશક દરમિયાન સ્થિતિ ઘણી બદલાઈ છે અને તેના કારણે PILની જરૂરિયાત યથાર્થ ઠેરવતા સંજોગોમાં પણ ફેરફાર થયો છે. વર્તમાન સમયને ધ્યાને રાખી PIL સિસ્ટમમાં માત્ર ફેરફાર કરવાના બદલે તેનો સંપૂર્ણ અંત લાવી દેવો જોઈએ. રાષ્ટ્રીય કાનૂની સેવા મંડળ અને જિલ્લા કાનૂની સેવા મંડળ જેવી સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદને મફત કાનૂની સલાહ અને સહાય આપવામાં આવે છે. ઈ-ફાઈલિંગના માધ્યમથી કોર્ટ સુધી પહોંચવાનું સરળ થયું છે અને કોર્ટને સીધો પત્ર પાઠવવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. તેથી ત્રીજા પક્ષના પ્રતિનિધિત્વની કોઈ જરૂરિયાત રહી નથી. વર્તમાન સમયમાં દાખલ કરાતી મોટા ભાગની PIL સ્પોન્સર્ડ જેવી હોય છે. પડદા પાછળથી કોઈ અન્ય વ્યક્તિ તેને નિયંત્રિત કરે છે અને તેથી આવી અરજીઓ પર વિચારણા થવી જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટના 9 જજની બેન્ચ સબરીમાલા કેસમાં પુનઃવિચાર દરમિયાન બહાર આવેલા એક રેફરન્સની સુનાવણી કરી રહી છે. કોર્ટ સમક્ષ એક મહત્ત્વનો સવાલ એ પણ છે કે, વિશેષ ધાર્મિક સમૂહનો ભાગ ન હોય તેવી વ્યક્તિ સંબંધિત ધાર્મિક પરંપરાઓને પડકારી શકે ખરી?

# ખાડી ક્ષેત્રના દેશો સાથે સતત સંપર્કમાં છીએ, કતાર ભારત માટે ઊર્જાનો મહત્ત્વનો સપ્લાયરઃ કેન્દ્રનું મોટું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
વૈશ્વિક સ્તરે બદલાતા ભૌગોલિક-રાજકીય સમીકરણો વચ્ચે ભારત પોતાની ઊર્જા સુરક્ષા અને પ્રાદેશિક શાંતિ માટે સક્રિય બન્યું છે. મિડલ ઈસ્ટમાં વધી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને ભારત સરકાર એક તરફ ખાડી દેશો સાથે વ્યૂહાત્મક સંબંધો મજબૂત કરી રહી છે, તો બીજી તરફ પડોશી દેશોની જરૂરિયાતોને પણ પ્રાધાન્ય આપી રહી છે. તાજેતરમાં વિદેશ મંત્રાલય દ્વારા લેબેનોનની સ્થિતિ અને ઊર્જા ક્ષેત્રે લેવાયેલા મહત્ત્વના પગલાં અંગે સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે.

દિલ્હી ખાતે વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જાયસ્વાલે જણાવ્યું હતું કે, અમે મિડલ ઈસ્ટમાં થઈ રહેલા ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. અમે ખાડી ક્ષેત્રના દેશો સાથે સતત સંપર્કમાં છીએ. વડાપ્રધાનના નિર્દેશ પર આપણા મંત્રીઓ ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે ખાડી દેશોની મુલાકાત લઈ રહ્યા છે. વિદેશ મંત્રી હાલમાં મોરેશિયસની મુલાકાતે છે, જ્યાંથી તેઓ ૧૧ અને ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યુએઈ જશે. તેઓ ભારત-યુએઈ સંબંધોને વધુ મજબૂત કરવા માટે ત્યાંના નેતાઓ સાથે ચર્ચા કરશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આપણે આપણી ઊર્જા સુરક્ષા મજબૂત કરવાની સાથે પડોશી દેશોની વિનંતી મુજબ તેમની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે પણ સહાય પૂરી પાડી રહ્યા છીએ. અમે બે અઠવાડિયા પહેલા શ્રીલંકાને ૩૮ મેટ્રિક ટન પેટ્રોલિયમ પેદાશોનો પુરવઠો પૂરો પાડ્યો હતો. અમે તેલ અને ગેસના પુરવઠા માટે સરકાર-ટુ-સરકાર(G2G) કરારને અંતિમ ઓપ આપી રહ્યા છીએ, જે મોરેશિયસની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. આપણા પેટ્રોલિયમ મંત્રી ૯ અને ૧૦ એપ્રિલના રોજ કતારની મુલાકાતે છે. હાલમાં તેઓ કતારમાં છે. કતાર ભારત માટે ઊર્જાનો મહત્ત્વનો સપ્લાયર છે. કતારના ઊર્જા મંત્રીએ ભારતને વિશ્વાસપાત્ર ઊર્જા સપ્લાયર તરીકે રહેવાની તેમની પ્રતિબદ્ધતા દોહરાવી છે અને ભારત સાથે ઊર્જા સંબંધો અને સહયોગને ચાલુ રાખવા તેમજ મજબૂત કરવા ઈચ્છા વ્યક્ત કરી છે. દિલ્હીમાં રણધીર જયસ્વાલે વધુમાં જણાવ્યું કે, લેબેનોનમાં મોટી સંખ્યામાં નાગરિકોના મોતના અહેવાલોથી અમે ઊંડી ચિંતા વ્યક્ત કરીએ છીએ. લેબેનોનની શાંતિ અને સુરક્ષા માટે કામ કરતા યુનિફિલમાં સૈનિકો ફાળવતા દેશ તરીકે ઘટનાઓની આ દિશા ખૂબ જ ચિંતાજનક છે.

ભારતે હંમેશા નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર ભાર મૂક્યો છે. આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવું અને રાજ્યોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું આવશ્યક છે. લેબેનોનમાં અમારું દૂતાવાસ ભારતીય સમુદાયની સુરક્ષા માટે તેમના સતત સંપર્કમાં છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી મુકેશ મંગલે જણાવ્યું હતું કે, હું એ પણ જણાવવા માંગુ છું કે બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રીએ આજે અમારા મંત્રાલય હેઠળના તમામ બંદરો અને તમામ સંસ્થાઓ સાથે વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી છે. તેમણે બંદરો અને ડીજી શિપિંગ(DG Shipping) સહિતની તમામ સંસ્થાઓને આદેશ આપ્યો છે કે નિકાસકારો અથવા અન્ય કોઈ દ્વારા ધ્યાનમાં લાવવામાં આવેલી સમસ્યાઓનો ઉકેલ લાવવા તાત્કાલિક પગલાં લેવામાં આવે. આ પ્રદેશમાં તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે અને છેલ્લા ૨૪ કલાકમાં ભારતીય ધ્વજ ધરાવતા કોઈપણ જહાજ સાથે કોઈ અપ્રિય ઘટના બની નથી.

મંત્રાલયે અત્યાર સુધીમાં ૧,૯૨૭થી વધુ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે પરત લાવવાની સુવિધા પૂરી પાડી છે, જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૪ નાવિકોનો સમાવેશ થાય છે. નાવિકોનું કલ્યાણ અને અવિરત દરિયાઈ કામગીરી સુનિશ્ચિત કરવા માટે મંત્રાલય વિદેશ મંત્રાલય, ભારતીય મિશન અને દરિયાઈ હિતધારકો સાથે સંકલન કરવાનું ચાલુ રાખશે.

સુજાતા શર્મા, જોઈન્ટ સેક્રેટરી (માર્કેટિંગ અને ઓઈલ રિફાઈનરી), પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું હતું કે, ...અમારા એલપીજી(LPG) વિતરકો અને પેટ્રોલ પંપો પાસે પૂરતો સ્ટોક છે, ક્યાંય સ્ટોક ખાલી(dryout) થયો હોવાના અહેવાલ નથી... અમારા ઘરેલું એલપીજી સિલિન્ડરનો પુરવઠો સામાન્ય છે અને ઓનલાઈન બુકિંગ લગભગ ૯૮ ટકા સુધી પહોંચી ગયું છે. વધુમાં, હવે અમારી ૯૨ ટકા ડિલિવરી OTP વેરિફિકેશન દ્વારા કરવામાં આવી રહી છે. જેમ તમે જાણો છો, કોમર્શિયલ એલપીજી પુરવઠો તેની ક્ષમતાના ૭૦ ટકા સુધી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે; આ શ્રેણીમાં હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, હોટલો, ઢાબા, મજૂર કેમ્પ, શ્રમ-સઘન ઉદ્યોગો, પેકેજિંગ યુનિટ્સ, ફાર્માસ્યુટિકલ સેક્ટર અને સ્થળાંતરિત મજૂરોને પ્રાથમિકતા આપવામાં આવી છે. અમારી પાસે હાલમાં ક્રૂડ ઓઈલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

### AI આધારિત ટ્રેક મોનિટરિંગ સિસ્ટમ સહિતના પગલાંની જાહેરાત

# આરામદાયક મુસાફરી માટે રેલવે હવે કમ્પોઝિટ સ્લીપર્સનો ઉપયોગ કરશે

### રેલવે ટ્રેકની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે AI આધારિત દેખરેખ માટે ઈન્સ્પેક્શન વ્હિકલમાં ગ્રાઉન્ડ પેનિટ્રેશન રડાર ડિવાઈસિસ સ્થાપિત કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
રેલવે મંત્રાલયે રેલવે મુસાફરોને વધુ સુરક્ષિત અને આરામદાયક બનાવવા માટે કમ્પોઝિટ સ્લીપર્સ અને એઆઈ આધારિત ટ્રેક મોનિટરિંગ સિસ્ટમ સહિતના શ્રેણીબદ્ધ પગલાંની ગુરુવારે જાહેરાત કરી હતી. રેલવે બ્રિજ એપ્રોચ તથા પોઈન્ટ્સ અને ક્રોસિંગ પર હવે કમ્પોઝિટ સ્લીપર્સનો ઉપયોગ કરશે, જેનાથી સફર વધુ આરામદાયક બનશે અને આંચકા આવશે નહીં. મંત્રાલયે સ્પેશ્યલ એઆઈ ડિવાઈસથી ટ્રેકનું મોનિટરિંગ કરવાની પણ જાહેરાત કરી છે.હાલના લોખંડ અને કોન્ક્રિટના સ્લીપર્સને જગ્યાએ નવા કમ્પોઝિટ સ્લીપર હળવા હશે અને તે વધુ વજન વહન કરી શકશે. આવા સ્લીપર વધુ સારુ કુશનિંગ ધરાવે છે. આ સ્લીપર્સનો ઉપયોગ જે સ્થાન પર થવાનો છે તેની ચોક્કસ પરિસ્થિતિઓના આધારે ડિઝાઈન અને ઈન્સ્ટોલ કરી શકાય છે. તેમના ઉપયોગથી ખાસ કરીને બ્રિજ, પોઈન્ટ અને ક્રોસિંગ પરથી પસાર થતી વખતે મુસાફરી વધુ આરામદાયક બને છે. કમ્પોઝિટ સ્લીપર્સ મિશ્ર સામગ્રીમાંથી બનાવાય છે અને પ્રતિ ચોરસ સેન્ટીમીટર 700 કિલોગ્રામ સુધીનો ભાર સહન કરી શકે છે. આનાથી રેલવે માટે સ્લીપર્સની જાળવણી ખર્ચમાં ઘટાડો થવાની ધારણા છે. રેલવે ટ્રેકની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે AI આધારિત દેખરેખ માટે ઈન્સ્પેક્શન વ્હિકલમાં ગ્રાઉન્ડ પેનિટ્રેશન રડાર ડિવાઈસિસ સ્થાપિત કરાશે. રેલવે બોર્ડે તેના તમામ ઝોનને આદેશ આપીને જણાવ્યું છે કે ફક્ત સ્ટેશન માસ્ટર જ ટ્રેનને ટ્રેકમાં પ્રવેશવાની મંજૂરી આપવા માટે અધિકૃત છે.વ્હીલ-સેન્સિંગ સિસ્ટમ ખોટી રીતે ટ્રેકને વ્યસ્ત દર્શાવતી હોવાનું ચકાસણીમાં બહાર આવ્યા પછી આ આદેશ અપાયો છે. ઘણીવાર ટેકનિકલ ખામીઓને કારણે વ્હીલ-સેન્સિંગ મશીન (એક્સલ કાઉન્ટર) ભૂલથી ટ્રેકને વ્યસ્ત બતાવે છે. આવા સ્થિતિ સેફટી પ્રોટોકોલ મુજબ માત્ર સ્ટેશન માસ્ટર કે આસિસ્ટન્ટ સ્ટેશન માસ્ટર્સ જ મેન્યુફલી કન્ફર્મેશન આપી શકશે.

# શેર બજારમાં શાનદાર તેજીઃ સેન્સેક્સ ૯૧૯ પોઈન્ટ વધ્યો અને નિફ્ટી ૨૪,૦૦૦ને પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ
વૈશ્વિક સંકેતો વચ્ચે સ્થાનિક શેરબજાર સપ્તાહના અંતે નોંધપાત્ર વધારા સાથે બંધ થયું. BSE સેન્સેક્સ અંતે ૯૧૮.૬૦ પોઈન્ટ વધીને ૭૭,૫૫૦.૨૫ પર બંધ થયો હતો. જ્યારે NSE નિફ્ટી પણ પાછલા સત્ર કરતા ૨૭૫.૫૦ પોઈન્ટ વધીને ૨૪,૦૫૦.૬૦ પર બંધ થયો. ઓટો, કેપિટલ ગુડ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, રિયલ્ટી, પાવર, FMCG, PSU બેંકો, ધાતુઓ અને ખાનગી બેંકોમાં ૧-૨% નો વધારો નોંધાયો છે, જ્યારે IT ઈન્ડેક્સમાં ૧.૭% નો ઘટાડો થયો છે. નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ ૧.૫% નો વધારો નોંધાયો છે.

મુખ્ય નિફ્ટી ગેઈનર્સમાં એશિયન પેઈન્ટ્સ, આઈશર મોટર્સ, ICICI બેંક, બજાજ ઓટો અને શ્રીરામ ફાઈનાન્સનો સમાવેશ થાય છે. દરમિયાન, ઘટેલા શેરોમાં કોલ ઈન્ડિયા, સન ફાર્મા, ઈન્ફોસિસ, TCS અને ટેક મહિન્દ્રાનો સમાવેશ થાય છે.

ભારતીય રૂપિયો શુક્રવારે તેની શરૂઆતની મજબૂતાઈ જાળવી રાખવામાં નિષ્ફળ ગયો અને યુએસ ડોલર સામે ૧૭ પૈસા ઘટીને ૯૨.૬૮ (કામચલાઉ) પર બંધ થયો. વધતા વૈશ્વિક તણાવ, ખાસ કરીને યુએસ-ઈરાન સંઘર્ષ સંબંધિત જોખમોને કારણે રૂપિયા પર દબાણ રહ્યું. દિવસભર ફોરેક્સ માર્કેટમાં મોટાપાયે વધઘટ જોવા મળી, જેના કારણે રોકાણકારોમાં સાવચેતી વધી. ફોરેક્સ વેપારીઓના મતે આ અસ્થિરતા પાછળનું મુખ્ય કારણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો નિર્દેશ હતો, જેમાં બેંકોને તેમની ઓવરનાઈટ પોઝીશન ૧૦૦ મિલિયન ડોલર સુધી મર્યાદિત રાખવા કહેવામાં આવ્યું હતું. આ નિર્દેશો માટેની સમયમર્યાદા શુક્રવારે સમાપ્ત થઈ ગઈ, જેના કારણે બજારમાં અસ્થિરતામાં વધારો થયો.

## ઉત્તરપ્રદેશમાં SIR બાદ ૨ કરોડ મતદારોના નામ કપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ
ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૧૬૬ દિવસથી ચાલી રહેલી મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) પૂર્ણ થયા બાદ હવે રાજ્યનું ફાઈનલ વોટર લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિણવાએ શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, નવી યાદી મુજબ ઉત્તર પ્રદેશમાં હવે કુલ મતદારોની સંખ્યા ૧૩,૩૯,૮૪,૭૯૨ થઈ ગઈ છે.

નવી યાદીમાં સૌથી ચોંકાવનારી વિગત એ છે કે અગાઉની સરખામણીએ રાજ્યમાં મતદારોની સંખ્યામાં ૨.૦૫ કરોડનો ધરખમ ઘટાડો થયો છે. નોંધનીય છે કે ૨૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ ફ્રીઝ કરવામાં આવેલી યાદીમાં ૧૫.૪૪ કરોડ મતદારો હતા, જે આ પ્રક્રિયા બાદ ઘટીને ૧૩.૩૯ કરોડ થઈ ગયા છે. જોકે, ૬ જાન્યુઆરીએ બહાર પાડવામાં આવેલી ડ્રાફ્ટ યાદીની સરખામણીમાં અંતિમ યાદીમાં ૮૪.૨૮ લાખ નવા મતદારોનો ઉમેરો પણ થયો છે. રાજ્યની કુલ મતદાર યાદીમાં પુરુષોનું વર્ચસ્વ જોવા મળ્યું છે. કુલ મતદારોમાંથી ૫૪.૫૪% પુરુષો છે, જ્યારે ૪૫.૪૬% મહિલા મતદારો છે.

# બંગાળમાં બાબરી નિર્માણની જાહેરાત કરનારા હુમાયુ કબીરને મોટો ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા
પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા રાજકીય ગરમાવો તેજ બન્યો છે. તાજેતરમાં જ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIM એ હુમાયુ કબીરની પાર્ટી 'આમ જનતા ઉન્નયન પાર્ટી'(AJUP) સાથેનું ગઠબંધન તોડી નાખવાની જાહેરાત કરી છે. AIMIM એ સ્પષ્ટ કર્યું છે કે તેઓ હવે બંગાળમાં એકલા હાથે ચૂંટણી લડશે અને ભવિષ્યમાં કોઈ પણ પક્ષ સાથે ગઠબંધન નહીં કરે. હુમાયુ કબીર દ્વારા અગાઉ આપવામાં આવેલા વિવાદિત નિવેદનો અને સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક કથિત વીડિયો બાદ આ મોટું પગલું લેવામાં આવ્યું છે. AIMIMનું કહેવું છે કે તેઓ એવા કોઈ પણ નિવેદનનું સમર્થન કરી શકે નહીં જેનાથી મુસ્લિમોના સન્માનને ઠેસ પહોંચે.

વિવાદના મૂળમાં હુમાયુ કબીરનો એક કથિત વીડિયો છે, જેમાં તેઓ ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે સંપર્કમાં હોવાનો અને મુખ્યમંત્રી મમતા બેનર્જીને હરાવવા માટે કોઈ પણ હદ સુધી જવાની વાત કરતા સાંભળવા મળે છે. આ વીડિયો સામે આવ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસ(TMC) એ આક્રમક વલણ અપનાવ્યું છે. TMCના નેતાઓ અને મંત્રીઓ ફિરહાદ હકીમ તથા અરૂપ બિસ્વાસે આક્ષેપ કર્યો છે કે કબીર લઘુમતી મતોમાં વિભાજન પાડીને ભાજપને ફાયદો પહોંચાડવાનું કાવતરું ઘડી રહ્યા છે. TMC એ આ મામલે ED તપાસની માંગણી કરી છે અને આરોપ લગાવ્યો છે કે આ બંગાળમાં સત્તા પરિવર્તન માટે રચાયેલું એક કાવતરું છે.બીજી તરફ, હુમાયુ કબીરે આ વીડિયોને નકલી અને AIની મદદથી બનાવવામાં આવ્યો હોવાનું જણાવીને પોતાનો બચાવ કર્યો છે.




# તંત્રી લેખ......

## મિડલ ઈસ્ટમાં સીઝફાયરનો ફિયાસ્કો!

દક્ષિણ લેબેનૉનના ચૌકિન શહેરમાં ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલાને કારણે આખું ગામ કાટમાળમાં ફેરવાઈ ગયું છે. ઈઝરાયલી વાયુસેનાએ સોશિયલ મીડિયા પર આ હુમલાની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે, તેઓ લેબેનૉનમાં સક્રિય આતંકી સંગઠન હિઝબુલ્લાહના લોન્ચિંગ સાઈટ્સ અને ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યા છે. લેબેનૉનના સરકારી મીડિયા અનુસાર, ઈઝરાયલી ફાઈટર જેટ્સે અન્ય ઘણા શહેરો પર પણ બોમ્બમારો કર્યો છે, જેમાં અનેક સામાન્ય નાગરિકો ઘાયલ થયા છે અને રહેણાંક મકાનો જમીનદોસ્ત થઈ ગયા છે. ઈઝરાયલી હુમલાના જવાબમાં હિઝબુલ્લાહ દ્વારા પણ વળતો પ્રહાર કરવામાં આવ્યો છે.

હિઝબુલ્લાહ તરફથી જાહેર કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, તેમણે ઉત્તરી ઈઝરાયલના હાઈફા શહેર પર 'એડ્વાન્સ્ડ મિસાઈલો' વડે હુમલો કર્યો છે. હિઝબુલ્લાહે દાવો કર્યો હતો કે તેઓ સીઝફાયરનું પાલન કરી રહ્યા હતા, પરંતુ દુશ્મન દેશે નિયમો તોડતા તેમણે આ કાર્યવાહી કરી છે. આ ઉપરાંત લેબેનૉનના બિંત જબૈલ શહેરમાં પણ ઈઝરાયલી સૈનિકો પર રોકેટ દાગવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે. બીજી તરફ, હિઝબુલ્લાહના આ મિસાઈલ હુમલા બાદ ઈઝરાયલના હાઈફા અને તેલ અવીવ જેવા મોટા શહેરોમાં એર રેડ સાયરન વાગ્યા હતા, જેના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો હતો. ઈઝરાયલની ઈમરજન્સી સેવાઓએ જણાવ્યું છે કે તેઓ ઉત્તરી ઈઝરાયલ પર થયેલા આ હુમલાનો જડબાતોડ જવાબ આપી રહ્યા છે. બંને પક્ષો વચ્ચે વધતાં તણાવને કારણે લેબેનૉન અને ઈઝરાયલની સરહદ પર સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે અને સંઘર્ષ અટકવાનું નામ નથી લઈ રહ્યો.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે ૩૪ નિરીક્ષકોની કરાઈ નિમણુંક

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય ચુંટણી આયોગ દ્વારા મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય અને પેટા ચુંટણીઓના સુચારૂ અને નિષ્પક્ષ આયોજન માટે મહત્વનો હુકમ બહાર પાડયો છે. આ નિર્ણયનો હેતુ ચુંટણીઓ મુકત, પારદર્શક અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે છે. સંવિધાનની કલમો અને મ્યુનિસીપલ અને પંચાયત નિયમોના આધારે આયોગ દ્વારા વિવિધ ઉચ્ચ અધિકારીઓને ચુંટણી નિરીક્ષક તરીકે નિમવામાં આવ્યા છે. નિરીક્ષકોની મુખ્ય જવાબદારી મતદાન પ્રક્રિયાની દેખરેખ, કાયદો - વ્યવસ્થા જાળવવો, ઈવીએમ મશીનો તથા મતપત્રોની ગુણવત્તા તપાસવી અને ઉમેદવારોના ખર્ચ રજીસ્ટરનુ નિરીક્ષણ કરવું.

આ નિર્ણયનો હેતુ ચુંટણીઓ મુકત, પારદર્શક અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે છે. ૩૪ નિરીક્ષકો અને સોંપાયેલ જિલ્લાઓની વિગતો તરફ નજર કરીએ તો. નિરીક્ષકોની મુખ્ય કામગીરી તરફ નજર કરીએ તો નિરીક્ષકોએ સૌ પ્રથમ દરેક મતદાન મથકો અને મતગણતરી કેન્દ્રોની મુલાકાત લેવી પડશે તેમજ ઈવીએમ મશીનો અને મતપત્રોની ગુણવત્તા ચકાસવી પડશે. તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ સ્થાનિક તંત્ર સાથે સંકલનમાં રહેવુ પડશે. તેમજ ઉમેદવારોના ખર્ચના રજીસ્ટરોનુ નિરીક્ષણ કરવુ પડશે. જેમાં ચુંટણીખર્ચ ની યોગ્યતા અને પારદર્શિતા ચકાસવી પડશે તેમજ આ તમામનો ચુંટણી આયોગને દરેક તબકકાની પ્રગતિ અને મુદ્દાઓ વિશે વિગતવાર અહેવાલ મોકલવો પડશે.





| જિલ્લા / વિસ્તાર | નિરીક્ષક અને પદ | સોંપાયેલ જવાબદારીઓ |
|---|---|---|
| અમદાવાદ | શ્રીમતી અવંતિકા સીંઘ ઔલખ (એમ ડી જીએસપી ) | અમદાવાદ કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને ધોળકા, વિરમગામ, બારેજા નગરપાલિકા |
| સુરત | વિનોદરાવ અગ્રસચિવ (વન અને પર્યાવરણ વિભાગ) | મ્યુનિસીપલ કોર્પોરેશન જિલ્લા / તાલુકા પંચાયતો અને બારડોલી, કડોદરા, તરસાડી, માંડવી નગરપાલિકા |
| વડોદરા | લોચન સેહરા સચિવ (શ્રમ અને રોજગાર વિભાગ) | વડોદરા જિલ્લા / તાલુકા પંચાયતો અને ડભોઈ, પાદરા, સાવલી, વાઘોડીયા નગરપાલિકા |
| રાજકોટ | આલોકકુમાર પાંડે (કમિશ્નર ઓફ રીલીફ) | રાજકોટ કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને ગોંડલ નગરપાલિકા |
| ભાવનગર | આદ્રા અગ્રવાલ સચિવ (સામાન્ય વહિવટ વિભાગ પ્લાનીંગ) | ભાવનગર કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને મહુવા,પાલીતાણા, વલભીપુર નગરપાલિકા |
| બોટાદ | એ કે પ્રજાપતિ (એમડી ગ્રીમકો) | બોટાદ જિલ્લા / તાલુકા પંચાયતો અને બોટાદ, બરવાળા નગરપાલિકા |
| અરવલ્લી અને મહિસાગર | એ કે પ્રજાપતિ | અરવલ્લી અને મહિસાગર જિલ્લા ની પંચાયતો તથા મોડાસા, બાયડ અને લુણાવાડા નગરપાલિકા |
| બનાસકાંઠા | આર એન પંડયા જીએમ (ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ ) | બનાસકાંઠા જિલ્લા / તાલુકા પંચાયતો અને પાલનપુર, ડીસા, ધાનેરા નગરપાલિકા |
| વાવ-થરાદ | આર એન પંડયા | વાવ-થરાદ પંચાયતો અને ભાભર, થરાદ નગરપાલિકા |
| અમરેલી | આર એસ ઠુમ્મર (નાયબ નિયામક) લેન્ડ રેકોર્ડ ભાવનગર | અમરેલી જિલ્લા / તાલુકા પંચાયતો અને અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી નગરપાલિકા |
| ભરૂચ અને નર્મદા | વી જી રોર નિયામક (એનઆરજીએફ) | ભરૂચ અને નર્મદા જિલ્લાની પંચાયતો તથા ભરૂચ , આમોદ, જંબુસર, અંકલેશ્વર, રાજપીપળા નગરપાલિકા |
| મહેસાણા | શ્રીમતી એન પી પાટડીયા (નાયબ કમિશ્નર ગ્રામ વિકાસ) | મહેસાણા કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને કડી, વિજાપુર, વિસનગર, ઉંઝા, બહેચરાજી, વડનગર નગરપાલિકા |
| નવસારી | વી સી બાગુલ જીએમ (ગુજરાત મેડીકલ સર્વિસ કોર્પોરેશન) | નવસારી કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને ગણદેવીનગરપાલિકા |
| વલસાડ | વી સી બાગુલ | વાપી કોર્પો. વલસાડ, જિલ્લા પંચાયતો અને ઉંમરગામ નગરપાલિકા |
| સુરેન્દ્રનગર | એ એસ મંડોત (નાયબ નિયામક સ્પીપા રાજકોટ) | સુરેન્દ્રનગર કોર્પો. જિલ્લા/ તાલુકા પંચાયતો અને લીમડી, ધ્રાંગધ્રા, પાટડી, ચોટીલા, થાનગઢ નગરપાલિકા |
| ડાંગ અને તાપી | એસ એ ડોડીયા ખાસ ફરજ પરના અધિકારી (ગુજરાત હાઉસિંગ બોર્ડ) | તાપી અને ડાંગ જિલ્લા પંચાયતો અને વ્યારા નગરપાલિકા |
| જામનગર | આઈ એસ પ્રજાપતિ (જીએસડીએમએ) | જામનગર કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને સિકકા નગરપાલિકા |
| કચ્છ | એચ એમ સોલંકી ખાસ ફરજ પરના અધિકારી (ટુરીઝમ કોર્પોરેશન) | કચ્છ જિલ્લા / તાલુકા પંચાયતો, ગાંધીધામ કોર્પો. અને અંજાર, માંડવી, ભુજ, મુંદ્રા, નખત્રાણા, નગરપાલિકાઓ |
| મોરબી | જી વી મિયાણી સીઈઓ (રૂડા) | મોરબી કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને વાંકાનેર, માળીયા મિયાણા, ટંકારા નગરપાલિકા |
| ખેડા | એ યુ મકવા ખાસ ફરજ પરના અધિકારી (યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) | નડીયાદ કોર્પો. ખેડા જિલ્લા પંચાયત અને કપડવંજ, કણજરી, ઠાસરા, કઠલાલ, મહુધા નગરપાલિકા |
| આણંદ | એ એ ડોડીયા (નાયબ નિયામક સ્પીપા અમદાવાદ) | કરમસદ-આણંદ કોર્પો. આણંદ જિલ્લા / તાલુકા પંચાયતો અને ઉમરેઠ, ખંભાત,પેટલાદ, બોરસદ, સોજીત્રા, તારાપુર નગરપાલિકા |
| છોટા ઉદેપુર | ડી વી વિઠ્ઠલાણી (સંયુકત કમિશ્નર એસ એસપીએ ) | છોટા ઉદેપુર જિલ્લા પંચાયતો અને બોડેલી નગરપાલિકા |
| પંચમહાલ | એમ સી પંડયા અધિક કલેકટર (પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકા વડોદરા) | પંચમહાલ જિલ્લા પંચાયતો અને ગોધરા, શહેરા નગરપાલિકા |
| સાબરકાંઠા | એસ એચ વર્મા જોઈન્ટ મેનેજીંગ ડાયરેકટર (ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપની ) | સાબરકાંઠા જિલ્લા પંચાયત અને હિંમતનગર, વડાલી, ઈડર, પ્રાંતિજ નગરપાલિકા |
| દાહોદ | એન આર પ્રજાપતિ (નાયબ કમિશ્નર એસ એસ પી એ ) | દાહોદ જિલ્લા પંચાયતો અને દાહોદ નગરપાલિકા, |
| ગાંધીનગર | વી આઈ પ્રજાપતિ, અધિક કલેકટર, પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકા, અમદાવાદ | ગાંધીનગર જિલ્લા / તાલુકા પંચાયતો અને દહેગામ અને કલોલ નગરપાલિકા |
| ગીર સોમનાથ | આર આર ગોહેલ કંટ્રોલર, કાનુની માપ વિજ્ઞાન | ગીર સોમનાથ જિલ્લા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રપાડા, તાલાલા નગરપાલિકા |
| દેવભુમિ દ્વારકા | જે સી પંડયા (મિશન ડાયરેકટર, નેશનલ ન્યુટ્રીશન મિશન ) | દેવભુમિ દ્વારકા જિલ્લા પંચાયતો અને ખંભાળીયા, જામ ખંભાળીયા, સલાયા નગરપાલિકા |
| પાટણ | એન એસ ગુપ્તા (સંયુકત કમિશ્નર, પી એમ પોષણ યોજના ) | પાટણ જિલ્લા પંચાયતો અને પાટણ, સિધ્ધપુર અને રાધનપુર નગરપાલિકા |
| જુનાગઢ | ડી વી વાળા (નાયબ કમિશ્નર ગ્રામ વિકાસ) | જુનાગઢ જિલ્લા પંચાયતો અને કેશોદ, બાંટવા નગરપાલિકા |
| પોરબંદર | સી ડી રાઠવા (અધિક નિયામક રોજગાર) | પોરબંદર કોર્પો. જિલ્લા / તાલુકા પંચાયતો અને કુતિયાણા, રાણાવાવ નગરપાલિકા |

# શ્રી રામાશ્રય પાંડે એ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક તરીકે કાર્યભાર સંભાળ્યો



ભારતીય રેલ એન્જિનિયર્સ સેવા (IRSE)ના ૧૯૯૦ બેચના વરિષ્ઠ અધિકારી શ્રી રામાશ્રય પાંડે એ શુક્રવાર, તા. ૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક તરીકે કાર્યભાર સંભાળ્યો છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક તરીકેની તેમની નિમણૂક પહેલાં તેઓ પૂર્વ મધ્ય રેલવે, પટણા ખાતે મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ/દક્ષિણ) તરીકે કાર્યરત હતા.

તેમના ઉત્તમ કારકિર્દી દરમિયાન શ્રી પાંડે ઉત્તર પૂર્વ રેલવેના વારાણસી મંડળમાં મંડળ રેલ પ્રબંધક (DRM) તરીકે તેમજ ઉત્તર રેલવે, નવી દિલ્હીમાં મુખ્ય એન્જીનીયર તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે ગોરખપુર અને સમસ્તીપુર ખાતે ઉપ મુખ્ય એન્જીનીયર તરીકે, રેલવે બોર્ડમાં સભ્ય એન્જિનિયરિંગના વિશેષ કાર્ય અધિકારી (OSD) તરીકે, રેલવે બોર્ડમાં નિદેશક સતર્કતા તરીકે તેમજ હાજીપુર ખાતે ઉપ મુખ્ય સતર્કતા અધિકારી તરીકે અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા છે. તેઓ રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL)માં ગ્રુપ જનરલ મેનેજર તરીકે પણ કાર્યરત રહ્યા હતા, જ્યાં તેમણે અનેક મહત્વપૂર્ણ આધારભૂત ઢાંચાકીય પ્રોજેક્ટ્સનું સફળ અમલીકરણ કર્યું હતું.

શ્રી પાંડે એ IIT Roorkeeમાંથી બી.ટેક. તથા IIT Delhiમાંથી એમ.ટેક.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે, રેલવે ઓપરેશન તથા આધારભૂત ઢાંચા વ્યવસ્થાપન ક્ષેત્રોમાં તેમણે વ્યાપક આંતરરાષ્ટ્રીય પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું છે. તેમણે ઈટાલી ખાતે ટ્રેક રેકોર્ડિંગ, સિંગાપુર અને મલેશિયામાં એડવાન્સ્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ, સ્પેનમાં હાઈ-સ્પીડ ટ્રેન ઓપરેશન તેમજ તુર્કી અને નૉર્વેમાં ટનલ નિર્માણ તકનીકો અંગે પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું છે.

શ્રી પાંડે પાસે આધારભૂત ઢાંચાના નિર્માણ, વ્યવસ્થાપન અને પ્રશાસનનો વિશાળ અનુભવ છે. તેઓ અધિકારીઓ અને કર્મચારીઓમાં સમાન રીતે લોકપ્રિય છે અને પૂરો વિશ્વાસ છે કે તેમના ગતિશીલ નેતૃત્વ હેઠળ પશ્ચિમ રેલવે નવી સિદ્ધિઓ હાંસલ કરીને નવી ઊંચાઈઓ સર કરશે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ મંડળથી ચાલતી/ પસાર થતી ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો તથા રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર–અમદાવાદ ખંડ પર પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમ લોંચ માટે તા. ૧૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૧૫ થી ૧૩:૪૫ વાગ્યા સુધી (૦૩ કલાક ૩૦ મિનિટ) ટ્રાફિક બ્લોક લેવામાં આવશે. જેના કારણે નિમ્નલિખિત ટ્રેનો પ્રભાવિત રહેશે.

શોર્ટ ટર્મિનેશન / ઓરિજિનેશન ટ્રેનો

● ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ–ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ વટવા સ્ટેશન પર સમાપ્ત (શોર્ટ ટર્મિનેટ) કરવામાં આવશે અને વટવા–ગાંધીનગર કેપિટલ વચ્ચે રદ રહેશે.

● ટ્રેન નંબર ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ–મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ વટવા સ્ટેશનથી શરૂ થશે અને ગાંધીનગર કેપિટલ–વટવા વચ્ચે રદ રહેશે.

પુનર્નિર્ધારણ (Rescheduling)

● ટ્રેન નંબર ૧૨૦૦૯ મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૧ કલાક ૧૫ મિનિટ વિલંબ થી પ્રસ્થાન કરશે.

રદ ટ્રેનો (Cancelled Trains)

● ટ્રેન નંબર ૬૯૧૦૨ વટવા–વડોદરા મેમુ તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ રદ રહેશે.

● ટ્રેન નંબર ૬૯૧૧૫ વડોદરા–વટવા મેમુ તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ રદ રહેશે.

● ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી તા. ૧૨.૦૪.૨૦૨૬ના રોજ રદ રહેશે.

● ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર–વડોદરા ઈન્ટરસિટી તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ રદ રહેશે.

આંશિક રદ (Partial Cancellation)

● ટ્રેન નંબર ૧૯૦૩૩ વલસાડ–અમદાવાદ ગુજરાત ક્વીન તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ વડોદરા–અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

વિનિયમન (Regulation of Trains)

● ટ્રેન નંબર ૧૯૪૩૬ આસનસોલ–અમદાવાદ એક્સપ્રેસ તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૨ કલાક ૧૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

● ટ્રેન નંબર ૧૨૮૩૪ હાવડા–અમદાવાદ એક્સપ્રેસ તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૨ કલાક ૧૦ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

● ટ્રેન નંબર ૧૨૪૭૮ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા–જામનગર એક્સપ્રેસ તા. ૧૩.૦૪.૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૧ કલાક ૪૫ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય અપડેટ માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.


## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૧૦/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૭૧૦ | ૪૩૭.૦૦ | ૬૮૫.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૩૫૫ | ૧,૨૪૯.૦૦ | ૧,૨૬૫.૦૦ |
| ૪ | રાયડો | ૯૫ | ૧,૦૫૦.૦૦ | ૧,૨૩૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૫૦.૦૦ |
| ૬ | મકાઇ | ૨૪૩ | ૩૪૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૭ | ચણા | ૨૨૦ | ૧,૦૪૩.૦૦ | ૧,૧૯૦.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૧૦ | ૧,૫૫૦.૦૦ | ૧,૭૧૫.૦૦ |
| ૯ | સોયાબીન | ૩૦ | ૯૫૦.૦૦ | ૧,૦૩૧.૦૦ |
| ૧૦ | તમાકુ | ૨૪૯૦ | ૧,૨૫૦.૦૦ | ૧,૯૦૦.૦૦ |
| ૧૧ | તમાકુ (ગારીયુ) | ૭૬૦ | ૯૦૦.૦૦ | ૧,૨૦૦.૦૦ |

મુનિભજી સોફ્ટવેર


# વડોદરા મંડળ દ્વારા ૨.૭૨૨ MWp ક્ષમતાના સોલર પ્લાન્ટની સ્થાપનાથી થશે વાર્ષિક રૂા.૨.૯૨ કરોડની બચત

ભારતીય રેલવેની હરિત ઊર્જા નીતિને અનુરૂપ પશ્ચિમ રેલવેનું વડોદરા મંડળ સૌર ઊર્જાના ઉપયોગને સતત વધારતા ઊર્જા કાર્યક્ષમતાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ વડોદરા મંડળના વિદ્યુત વિભાગ દ્વારા કુલ ૨.૭૨૨ મેગાવોટ પીક (MWp) ક્ષમતાના રૂફટોપ સોલર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સોલર પ્લાન્ટ્સના પરિણામે મંડળને પ્રતિ વર્ષ આશરે રૂા.૨.૯૨ કરોડની બચત થશે, જે ઊર્જા ખર્ચના અનુકૂલનની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર (પાવર) શ્રી પ્રદીપ મીણાએ જણાવ્યું હતું કે આ પહેલ પર્યાવરણ સંરક્ષણમાં પણ મહત્વનું યોગદાન આપી રહી છે. આ પ્લાન્ટ્સ દ્વારા પ્રતિ વર્ષ આશરે ૩.૬૪ મિલિયન યુનિટ સૌર ઊર્જાનું ઉત્પાદન થશે, જેનાથી ઊર્જા વપરાશની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે. સાથે જ, સ્ટાન્ડર્ડ ગ્રીડ એમિશન ફેકટરના આધારે આ પ્લાન્ટ્સથી આશરે ૨૬૩૨ ટન $CO_2$ ઉત્સર્જનમાં ઘટાડો નોંધાશે. ૨૫ વર્ષના અંદાજિત આયુષ્ય દરમિયાન આશરે ૬૫,૮૦૦ ટન $CO_2$ ઉત્સર્જન અટકાવી શકાશે.

તેમણે વધુમાં જણાવ્યું કે વિદ્યુત વિભાગ (પાવર) મંડળમાં રેલવે સ્ટેશનો, સેવા ભવનો અને પરિસરો પર રૂફટોપ સોલર પ્લાન્ટની સ્થાપના દ્વારા સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપી રહ્યો છે, જેનાથી પરંપરાગત ઊર્જા સ્રોતો પરની નિર્ભરતામાં ઘટાડો થઈ રહ્યો છે. મંડળના વિવિધ મુખ્ય સ્થળો, જેમ કે વડોદરા સ્ટેશન પરિસર, ઈલેક્ટ્રિક લોકો શેડ તથા અંકલેશ્વર સ્ટેશન સહિત અન્ય સેવા ભવનો પર સોલર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. વડોદરા સ્ટેશન પર રનિંગ રૂમ, ઈ રેસ્ટ રૂમ, રિટાયરિંગ રૂમ, RRI, લોબી અને ઓફિસ બિલ્ડિંગની છતનો ઉપયોગ કરીને સૌર ઊર્જાનું ઉત્પાદન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આવી જ રીતે લોકો શેડ અને અન્ય પરિસરોમાં પણ ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો છે. વડોદરા મંડળ ભવિષ્યમાં પણ સૌર ઊર્જા ક્ષમતાના વિસ્તરણ અને ઊર્જા કાર્યક્ષમતાના પગલાંના અમલીકરણ દ્વારા સ્વચ્છ ઊર્જા વપરાશને વધુ વધારવા માટે પ્રતિબદ્ધ છે.


ગરવી ગુજરાત




- એક શુભેચ્છક




RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૬૪૪ અને ચાંદીના વાયદામાં રૂ.૧૩૭૧ની નરમાઈ: ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યા

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૩૪૬.૨૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૨૦૮૯.૧૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૭૯૪.૬૦ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૬૯૬ પોઈન્ટના સ્તરે




મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૪૪૩૫.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૨૩૪૬.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૨૦૮૯.૧૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૬૯૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૩૩.૯૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૭૯૪.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૬૮૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૯૯૦ અને નીચામાં રૂ.૧૫૧૭૪૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૪૩૪ના આગલા બંધ સામે રૂ.૬૪૪ ઘટી રૂ.૧૫૨૭૯૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૨૭ ઘટી રૂ.૧૨૨૧૯૨ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૮ ઘટી રૂ.૧૫૩૦૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬૭ ઘટી રૂ.૧૫૧૪૦૫ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧૫૬૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૧૮૩ અને નીચામાં રૂ.૧૫૦૮૪૮ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૩૬૬ના આગલા બંધ સામે રૂ.૫૩૩ ઘટી રૂ.૧૫૧૮૩૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૨૫૧૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૩૭૦૪ અને નીચામાં રૂ.૨૩૯૫૪૬ના મથાળે અથડાઈ, રૂ.૨૪૩૭૬૮ના આગલા બંધ સામે રૂ.૧૩૭૧ ઘટી રૂ.૨૪૨૩૯૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૩૦૭ ઘટી રૂ.૨૪૪૬૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૧૨ ઘટી રૂ.૨૪૪૭૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૫૩૪.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧૫.૦૫ વધી રૂ.૧૨૦૮ થયો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧.૦૫ વધી રૂ.૩૩૧.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૩.૬ વધી રૂ.૩૫૭.૮૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.૧.૨ ઘટી રૂ.૧૯૩.૩ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૮૨૪.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૫૦૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૧૦૪ અને નીચામાં રૂ.૪૯૭૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૩ વધી રૂ.૫૧૦૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૪૪ અને નીચામાં રૂ.૯૦૬૬ના સ્તરને સ્પર્શી, રૂ.૮૯૩૩ના આગલા બંધ સામે રૂ.૧૬૨ વધી રૂ.૯૦૯૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૫૮ વધી રૂ.૯૦૯૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૫ ઘટી રૂ.૨૪૭.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૩ ઘટી રૂ.૨૪૭.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૨ના ભાવે ખૂલી, ૨૦ પૈસા વધી રૂ.૧૦૧૩.૮ થયો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૬૦૦ ઘટી રૂ.૨૭૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૫ના ભાવે ખૂલી, રૂ.૮૩ વધી રૂ.૨૭૬૬ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૫૦૯.૧૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૨૮૫.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૯૬૦.૬૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૭૧.૮૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪.૯૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૬.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૪.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૬૯૩.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૧૬.૬૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૯૦૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૩૮૯૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૩૦૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૯૯૫૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૬૮૪૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૨૦૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૦૬૨૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૨૫૦૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૨૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૮૨૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૯૬૪૭ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૬૯૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૬૯૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૬૯૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૪૩ પોઈન્ટ વધી ૩૬૬૯૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧.૫ વધી રૂ.૨૦૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ ઘટી રૂ.૯.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૮.૫ ઘટી રૂ.૧૪૪૭.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨ વધી રૂ.૬૫૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૫૬ વધી રૂ.૧૧.૯ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૧ પૈસા વધી રૂ.૩.૭૧ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૯.૧૫ વધી રૂ.૪૬૮.૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા ઘટી રૂ.૮.૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૭ ઘટી રૂ.૧૦૧૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૦.૫ ઘટી રૂ.૫૦૦ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૧ ઘટી રૂ.૧૧૬.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા વધી રૂ.૧૧.૧ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧ ઘટી રૂ.૭૭૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૩ વધી રૂ.૩૭૯ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૩ પૈસા ઘટી રૂ.૭.૫૩ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૪.૬ ઘટી રૂ.૪૭૬ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ વધી રૂ.૧૧.૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૮.૫ વધી રૂ.૩૧૨૪ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૩ વધી રૂ.૭૮૩.૫ના ભાવે બોલાયો હતો.

# ઈસ્ત્રી કરનારાને આવક વેરા વિભાગે ફટકારી રૂપિયા ૫૯૮ કરોડની નોટિસ

(સંપૂર્ણ સમાચાર સેવા)અજમેર

રાજસ્થાનમાં અજમેરના રામનગરમાં ફૂટપાથ પર ફક્ત પાંચ રુપિયામાં કપડાને ઈસ્ત્રી કરતાં જિતેન્દ્ર બાડોલિયાના પાનકાર્ડનો દૂરુપયોગ કરીને લગભગ ૫૯૮ કરોડ રૂપિયાની લેવડદેવડ કરવામાં આવી છે.

દિવસભરની મહેનત કરીને થોડાઘણા રૂપિયા કમાઈ લેતા જિતેન્દ્રને ત્યારે ઝાટકો લાગ્યો જ્યારે આવકવેરા વિભાગે તેને ૫૯૮ કરોડ ૫૦ લાખ ૩૭ હજાર અને ૭૨૬ કરોડ રૂપિયાની નોટિસ ફટકારી. આવકવેરા વિભાગની આ નોટિસ જોતાં જ જિતેન્દ્રના હોશ ઉડી ગયા. તેને સમજમાં ન આવ્યું કે તેના નામ પર આટલી મોટી લેવડદેવડ કેવી રીતે થઈ. ડરી ગયેલો જિતેન્દ્ર તરત જ વકીલની જોડે પહોંચ્યો. તપાસમાં સામે આવ્યું કે આવકવેરા રેકોર્ડમાં તેના નામ પર હીરા ઝવેરાતના કારોબાર સાથે સંલગ્ન જંગી રકમના સોદા નોંધાયેલા છે. જ્યારે વાસ્તવિકતા એ છે કે જીતેન્દ્રને આ પ્રકારના કારોબાર સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી. તે ફક્ત કપડા પ્રેસ કરીને કુટુંબનું ગુજરાન કરે છે.પ્રારંભિક તપાસમાં ખબર પડી હતી કે બે વર્ષ પહેલાં જિતેન્દ્રનું પાન કાર્ડ અને આધાર કાર્ડ ખોવાઈ ગયું હતું. તેને લાગે છે કે તેના દસ્તાવેજોનો દૂરુપયોગ કરીને કોઈએ બેન્ક ખાતા ખોલાવ્યા, જીએસટી ટેક્સ નંબર પણ લીધો, બનાવટી ફર્મ દ્વારા કરોડો રૂપિયાની લેવડદેવડ કરી. ગુજરાતના સુરતમાં એક કંપની બનાવીને આ છેતરપિંડીને અંજામ આપ્યો હોવાનું કહેવાય છે.આ કેસની ગંભીરતા જોતાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસ તપાસમાં લાગેલી છે. આવકવેરા વિભાગે પણ બેન્ક અધિકારીઓ પાસે જવાબ માંગ્યો છે કે આટલા મોટા નાણાકીય વ્યવહારો છતાં ગ્રાહકને એલર્ટ કેમ ન કરવામાં આવ્યો. બેન્કના મેનેજરને આ વાતને લઈને નોટિસ પાઠવવામાં આવી છે. આ આખા ઘટનાક્રમે બેન્કિંગ સિસ્ટમ અને ઓળખપત્રોની સલામતીને લઈને મોટા સવાલ ઊભા કર્યા છે. એક ગરીબ શ્રમિકના નામે કરોડોની લેવડદેવડ થાય છે તે દર્શાવે છે કે સિસ્ટમમાં ક્યાંકને ક્યાંક ખામી છે. તેણે શંકા વ્યક્ત કરી છે કે પાલીહિલમાં રહેતા ડાયમંડના વેપારી શત્રુઘ્નસિંહાએ તેના પેનકાર્ડનો ઉપયોગ કરીને બેન્કમાં ખાતુ ખોલાવ્યું હતું. આ જ ખાતામાંથી ૫૯૮ કરોડથી પણ વધુ રકમના વ્યવહાર થયા છે. આના કારણે ઈસ્ત્રી કરનારા જીતેન્દ્રનું કામ ઠપ થઈ ગયું છે અને પોલીસ અને વકીલના ચક્કર કાપતા તબિયત પણ બગડી છે.

### ધોની મારો આદર્શ, ફિનિશર બનવું છે મારું લક્ષ્ય

# IPLમાં રાતોરાત સ્ટાર બન્યા બાદ મુકુલ ચૌધરી થયો ભાવુક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આઈપીએલ ૨૦૨૬ની સીઝનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાયેલી મેચમાં એક નવો સિતારો ઉભરી આવ્યો છે. ૨૧ વર્ષીય વિકેટકીપર બેટ્સમેન મુકુલ ચૌધરીએ માત્ર ૨૭ બોલમાં ૭ સિક્સર અને ૧ ચોગ્ગાની મદદથી અણનમ ૫૪ રન ફટકારીને લખનૌને ૩ વિકેટથી યાદગાર જીત અપાવી છે. મેચ બાદ મુકુલે પોતાની સફળતા અને પિતાના બલિદાનની ભાવુક કરી દે તેવી વાત શેર કરી હતી.




મેચ બાદ આપેલા એક ઈન્ટરવ્યુમાં મુકુલ ચૌધરીએ જણાવ્યું કે, હું હંમેશા મહેન્દ્ર સિંહ ધોનીને જોઉં છું કારણ કે હું પણ એક ફિનિશર છું. તેમનો આઈકોનિક હેલિકોપ્ટર શોટ મારો ફેવરિટ છે. જે રીતે તેમણે ૨૦૧૧માં વર્લ્ડ કપમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું, તે દરેક માટે પ્રેરણારૂપ છે. હું પણ ધોની જેવો બનીને મારી ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી જીતાડવા માંગુ છું. મુકુલનો ક્રિકેટર બનવા સુધીનો પ્રવાસ અત્યંત સંઘર્ષમય રહ્યો છે. મુકુલના પિતા અત્યંત ગરીબ પરિવારમાંથી આવતા હતા અને પોતે વ્યવસાયિક ક્રિકેટ રમી શક્યા નહોતા. મુકુલે જણાવ્યું કે, તેમના પિતા જ્યારે કોલેજમાં ભણાવતા હતા ત્યારે તેઓ RAS (રાજસ્થાન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) ની તૈયારી કરી રહ્યા હતા. પરંતુ, દીકરાને ક્રિકેટ એકેડેમીમાં પ્રવેશ અપાવવા અને પ્રોફેશનલ ક્રિકેટર બનાવવા માટે તેમણે પોતાની અધિકારી બનવાની તૈયારી અધવચ્ચે જ છોડી દીધી હતી. પૈસાની વ્યવસ્થા કરવા માટે તેમણે પ્રોપર્ટીનું કામ શરૂ કર્યું. જેથી મુકુલની ફી અને ક્રિકેટ કિટનો ખર્ચ ઉઠાવી શકાય.

મુકુલના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૫માં તેના જન્મદિવસના દિવસે જ તે અને તેના પિતા એકેડેમીની શોધમાં નીકળ્યા હતા. ચુરુ, ઝુંઝુનુ અને સીકર એમ ત્રણ જિલ્લાઓમાં તપાસ કર્યા બાદ, સીકરની નવી શરૂ થયેલી એસબીએસ ક્રિકેટ એકેડેમીમાં તેમણે એડમિશન લીધું હતું. તે સમયે મુકુલને ક્રિકેટ વિશે કંઈ જ ખબર નહોતી અને તેના પરિવારમાંથી પણ કોઈ આ રમત સાથે જોડાયેલું નહોતું. આજે મુકુલની મહેનત અને તેના પિતાનું બલિદાન રંગ લાવ્યું છે. આઈપીએલના મંચ પર તેના શાનદાર પ્રદર્શનથી હવે તે ભારતીય ક્રિકેટના આગામી મોટા ફિનિશર તરીકે જોવામાં આવી રહ્યો છે.

# ગાંધીનગર જિલ્લામાં ચુંટણીનો ગરમાવો : ભાજપે જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોની યાદી જાહેર કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. હવે ભાજપની ચુંટણી સમિતિમાં થયેલા મંથન બાદ ભાજપ દ્વારા ગાંધીનગર જિલ્લા પંચાયત, વિવિધ તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ માટેના ઉમેદવારોના નામોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં અનેક નવા ચહેરાઓને સ્થાન મળ્યુ છે. જયારે કેટલાક દિગ્ગજોની ટીકીટો કાપવામાં આવતા રાજકીય વિશ્લેષકોમાં ચર્ચાએ જોર પકડયુ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા પંચાયતની બેઠકો માટે કુલ ૨૭ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જયારે તાલુકા પંચાયતોની વાત કરીએ તો કલોલ તાલુકા પંચાયત માટે ૨૨, માણસા માટે ૨૬ અને દહેગામ તાલુકા પંચાયત માટે ૨૮ ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરાઈ છે. જયારે નગરપાલિકા સ્તરે કલોલ નગરપાલિકાના ૧૧ વોર્ડમાં ૪૩ ઉમેદવારો અને દહેગામના ૭ વોર્ડ માં ૨૮ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. આ વખતની પસંદગીમાં પક્ષપલ્ટો કરનારા નેતાઓ પર વિશેષ ભરોસો મુકવામાં આવ્યો હોય તેવુ જણાય છે. કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા




સાંતેજ બેઠક પરથી રશ્મિ બચુજી ઠાકોર અને ભોયણ મોટી બેઠક પરથી રાજુબેન કાંતીજી ઠાકોરને ટીકીટ આપવામાં આવી છે. છેપલીયડ બેઠક પર પણ કોંગ્રેસમાંથી આવેલા ઉમેદવારને સ્થાન મળ્યુ છે. તેમજ ભાજપ દ્વારા કડક વલણ અપનાવી અનેક પૂર્વ હોદ્દેદારોની ટીકીટ કાપી છે.

ઈટાદરા બેઠક પર પૂર્વ પ્રમુખ શિલ્પા પટેલની ટીકીટ કાપીને મહેશ આત્મારામ ઠાકોરને મેદાનમાં ઉતારાયા છે. આ ઉપરાંત અમરાજીના મુવાડામાં ઉપપ્રમુખ પારસબેન વિહોલા, વલાદ બેઠક પર કારોબારી સમિતિના સભ્ય જાદવ રંજનબેન અને ઉવારસદમાં બાંધકામ સમિતિના ચેરમેન ભરતજી ઠાકોરના પત્તા કપાયા છે. ચુંટણી જંગમાં કેટલાક જુના જોગીઓને રીપીટ પણ કરાયા છે. જયારે લોદરા બેઠક પર કલ્પેશ પટેલ, હલીશા સોની દેસાઈ અને કડજોદરા બેઠક રાજેન્દ્ર રાઠોડને ઉમેદવાર તરીકે રીપીટ કરાયા છે. જયારે સાદરા, ડભોડા, ચરાડા અને ચિલોડા જેવી બેઠકો પર ઉમેદવાર બદલાયા છે. ખાસ નોંધનીય છે કે સરપંચોના વિરોધ છતાં કેટલીક બેઠકો પર ટીકીટ ફાળવણી કરવામાં આવી છે. જયારે પૂર્વ સભ્ય અનિલ પટેલની બાદબાકી કરવામાં આવી છે. બિલોદરામાં રાઠોડ અમરતબેનની ટીકીટ કાપવામાં આવી હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે. આમ ભાજપે નવા જુના અને પક્ષપલ્ટુ ઉમેદવારોના મિશ્રણ સાથે આગામી ચુંટણી જીતવા માટે એડીચોટીનુ જોર લગાવ્યુ છે. હવે જોવાનુ એ રહેશે કે મતદારો આ યાદી પર કેવી રીતે પસંદગી ઉતારે છે.

### સેલ્ફીના ચક્કરમાં મસ્તી ભારે પડી

# કેમેરા સામે ૩ કિશોરીઓનું ઝરણામાં ડૂબી જતાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરાવતી

આંધ્ર પ્રદેશના અલ્લુરી સીતારામ રાજુમાં ગુરુવારે સેલ્ફીના ચક્કરમાં ત્રણ કિશોરીઓ ઝરણામાં ડૂબી હોવાનો વીડિયો સામે આવ્યો છે. સમગ્ર ઘટના કેમેરામાં કેદ થતા વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. પોલીસે જણાવ્યું કે, ત્રણ કિશોરીઓ ઝરણામાં નહાવા પડી હતી અને તરતા આવડતું ન હોવાથી ડૂબવાના કારણે ત્રણેયના મોત નીપજ્યા હતા. આ ઘટનામાં એક કિશોરી બચી ગઈ હતી, તેની સારવાર ચાલી રહી છે.

આ ઘટના અલ્લુરી સીતારામ રાજુ સ્થિતિ મુલાગુમ્મી ગામની છે. વીડિયોમાં જોવા મળે છે કે, ત્રણ કિશોરી ઝરણામાં નહાતી વખતે ડૂબવા લાગી હતી.

અન્ય એક કિશોરી વીડિયો ઉતારી રહી હતી. આ દરમિયાન પાણીમાં ડૂબવાથી તૃષા(ઉં.વ.૧૭), પવિત્રા(ઉં.વ.૧૬) અને રસ્તકુમારી(ઉં.વ.૧૬) નામની કિશોરીના મોત નીપજ્યું છે. જો કે, આ દુર્ઘટનામાં અંજલી નામની કિશોરીનો બચાવ થયો હતો.

પોલીસે જણાવ્યું કે, ત્રણ કિશોરીઓ તરવાનું ન જાણતી હોવા છતાં સેલ્ફી લેવા માટે ઝરણામાં ઉતરી હતી અને પાણીમાં ડૂબી ગઈ હતી. આમ, કિશોરીઓ ઝરણાં પાસે ફોટા અને સેલ્ફી વીડિયો લઈ રહી હતી ત્યારે તેમાંથી એક અચાનક પાણીમાં પડી ગઈ હતી. બીજી બે છોકરીઓ તેને બચાવવા માટે પાણીમાં ગઈ હતી, પરંતુ એટલામાં ત્રણેય કિશોરીઓ કેમેરા સામે પાણીમાં ડૂબી ગઈ હતી.

સમગ્ર ઘટનાની જાણ થતાં નજીકના લોકો કિશોરીઓને બચાવવા દોડી આવ્યા હતા, પરંતુ તેઓ બચાવે તે પહેલા પાણીનો જોરદાર પ્રવાહમાં કિશોરીઓ તણાઈ ગઈ હતી. ત્રણેયના મૃતદેહ મળી આવ્યા છે. ઉનાળાના વેકેશન માટે શાળાઓ બંધ હોવાથી કિશોરીઓ ઝરણાં જોવા પહોંચી હતી. સમગ્ર મામલે પોલીસે સંબંધિત કલમ હેઠળ કેસ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે.

### કોંગ્રેસ નેતા પવન ખેડાને મોટી રાહત

# પાસપોર્ટ વિવાદમાં હાઈકોર્ટે પવન ખેડાની ધરપકડ પર લગાવી રોક

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

તેલંગાણા હાઈકોર્ટે કોંગ્રેસના નેતા પવન ખેડાને મોટી રાહત આપતા એક અઠવાડિયા માટે આગોતરા જામીન મંજૂર કર્યા છે. આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે પવન ખેડાએ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના પત્ની પર ગંભીર આક્ષેપો કર્યા હતા, જેના પગલે આસામ પોલીસે પવન ખેડા સામે ગુનો નોંધ્યો હતો.

હાઈકોર્ટના જસ્ટિસ સુજાના કલાસિકમની બેન્ચે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે, ખેડાને યોગ્ય કોર્ટમાં પોતાની અરજી રજૂ કરવા માટે એક સપ્તાહનો સમય આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા આસામ પોલીસની એક ટીમ આ કેસની તપાસ માટે દિલ્હીમાં પવન ખેડાના ઘરે પણ ગઈ હતી, પરંતુ હાઈકોર્ટના આ આદેશથી હવે તેમને હાલ પૂરતી ધરપકડમાંથી સુરક્ષા મળી ગઈ છે.

પવન ખેડા સામે આસામના ગુવાહાટી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં ચૂંટણીને લગતા ખોટા નિવેદનો કરવા અને છેતરપિંડી જેવી કલમોનો સમાવેશ થાય છે. કોંગ્રેસ નેતાએ ૫ એપ્રિલના રોજ આક્ષેપ કર્યો હતો કે મુખ્યમંત્રીના પત્ની રિંકી ભુયાન સરમા પાસે એકથી વધુ પાસપોર્ટ અને વિદેશી સંપત્તિ છે, જેની માહિતી મુખ્યમંત્રીએ તેમના ચૂંટણી સોગંદનામામાં જાહેર કરી નથી.

# વડોદરામાં સેન્ટ્રલ બસ સ્ટેશનમાં શેડ ધરાશાયી: કાટમાળમાં દબાઈ જતા એકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે દુર્ઘટના સર્જાઈ હોવાની વિગતો સામે આવી રહી છે. બસ સ્ટેશનના ઉપરના ભાગનું ભારેખમ સ્ટ્રક્ચર અચાનક તૂટી પડ્યું છે. જેના કારણે કાટમાળ નીચે દબાઈ જવાથી એક વ્યક્તિનું કરુણ મોત થયું છે. ત્યારે ઘટનાને પગલે મુસાફરોમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ છે. તો ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો પહોંચ્યો ઘટના સ્થળે પહોંચ્યો છે અને બસ પરિસરને કોર્ડન કરી કાટમાળ ખસેડવાની કામગીરી શરૂ કરી છે.

વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે આજે(૧૦મી એપ્રિલે) બપોરે બસ સ્ટેશનનો ઉપરનો શેડ ધરાશાઈ થવાની દુર્ઘટના સર્જાઈ હતી ભારે ભરખર સ્ટ્રક્ચર અચાનાક તૂડી પડતા ચારેય તરફ કાટમાળ ફેલાયો હતો અને ઘટના બાદ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જે બાદ બસ સ્ટેશને હાજર લોકોએ તાત્કાલિક બચાવ કાર્ય શરૂ કર્યું હતું.

બાદમાં ઘટનાની જાણ થતા ST તંત્રના ઉચ્ચે અધિકારીઓ સહિત, સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિડેગના જવાનો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા, ત્યારે કાટમાળ નીચે દટાયેવી હાલતમાં તેનો મૃતદેહ બહાર કાઢી તેને પોસ્ટ માર્ટમની પ્રક્રિયા માટે હોસ્પિટલ ખસેડાયો હોવાની વિગતો સામે આવી કહી છે. મળતી માહિતી મુજબ, આજે જ્યાં દૂર્ઘટના સર્જાઈ છે એ વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશનનું નિર્માણ ૧૧૪ કરોડના ખર્ચે થયું હતું અને અંદાજીત એક-દોઢ વર્ષ અગાઉ PM મોદીના હસ્તે જ આ તેને ખુલ્લું મુકાયું હતું.

# અલ્લાહાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માએ રાજીનામું આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અલ્લાહાબાદ હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને રાજીનામું સોંપી દીધું છે. છેલ્લા એક વર્ષથી વિવાદોના ઘેરામાં રહેલા જસ્ટિસ વર્માએ સંસદીય તપાસ અને સંભવિત મહાભિયોગની કાર્યવાહી ટાળવા માટે આ પગલું ભર્યું હોવાનું મનાય છે. જસ્ટિસ યશવંત વર્મા જ્યારે દિલ્હી હાઈકોર્ટમાં ફરજ બજાવતા હતા, ત્યારે માર્ચ ૨૦૨૫માં તેમના સત્તાવાર નિવાસસ્થાને આગ લાગી હતી. આ દરમિયાન આગ બુઝાવવા માટે પહોંચેલા ફાયર ફાઈટર જવાનોને ત્યાંથી રૂ. રૂ.૫૦૦ની અડધી બળેલી નોટો મળી હતી, જેનું મૂલ્ય કરોડોમાં જતું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ન્યાયતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના વખતે એવા પણ અહેવાલો વહેતા થયા હતા કે, આ નોટોનું મૂલ્ય રૂ. ૧૫ કરોડ જેટલું હતું. જો કે, આ દાવાની હજુ સુધી ખરાઈ થઈ શકી નથી.

ઈન-હાઉસ ઈન્કવાયરી: સુપ્રીમ કોર્ટ દ્વારા ગઠિત ત્રણ જજની સમિતિએ તપાસમાં જસ્ટિસ વર્મા સામે પ્રાથમિક પુરાવા મળ્યા હોવાનું નોંધ્યું હતું.

ટ્રાન્સફર: વિવાદ વધતા સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા એપ્રિલ ૨૦૨૫માં તેમને દિલ્હી હાઈકોર્ટમાંથી હટાવીને તેમની પેરન્ટ કોર્ટ એટલે કે અલ્લાહાબાદ હાઈકોર્ટમાં બદલી કરી દેવામાં આવી હતી.

કામગીરી પર રોક: અલ્લાહાબાદ હાઈકોર્ટમાં જોડાયા હોવા છતાં, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ તેમને કોઈ ન્યાયિક કામગીરી સોંપવામાં આવી નહોતી. જસ્ટિસ વર્માએ અગાઉ રાજીનામું આપવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે સંસદના બંને ગૃહોમાં તેમને પદ પરથી હટાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જજ ઈન્કવાયરી એક્ટ હેઠળ તપાસ સમિતિ પણ બનાવવામાં આવી હતી. આ તપાસ પૂર્ણ થાય તે પહેલા જ તેમણે સ્વેચ્છાએ પદ છોડવાનો નિર્ણય લીધો છે.


પશ્ચિમ રેલ્વે
ટૂલ રૂમ અને ટ્રેકમેન માટે આરામના રૂમ
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 ટેન્ડર સૂચના આમંત્રિત કરે છે. નંબર BCT/26-27/7 તારીખ: 07.04.2026. કાર્ય અને સ્થાન: જોરાવાસન - ઉકાઈ સોનગઢ વિભાગ. TBSR - 2088 (1) બિલીમોરા-વાઘાઈ (NG) - TBSR (H-Beam) - ટ્રેકમેન માટે 1760 નંગ અને ટૂલ રૂમ કમ રેસ્ટ રૂમ, (2) ઉધના - ઉકાઈ સોનગઢ - TBR - 12.218 TKM અને ઉધના - જલગાંવ - TBSR (H-Beam) -138 રૂમ અને રેસ્ટ રૂમ અને 3 રૂમ માટે ઉધના - ઉકાઈ સોનગઢ - TFR - 123.31 Tkm, TBR - 13.393 Tkm અને P&C- 37 નંગ, TBSR - 225 નંગ આશરે. કામની કિંમત: ₹ 5,30,33,491.92/- EMD: ₹1060700/- સબમિશનની તારીખ અને સમય: તા.05.05.2026, 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.05.05.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.
અમને લાઈક કરો: facebook.com/WesternRly 1293

# દિકરીના છૂટાછેડા થાય ત્યારે પરિવાર દુઃખી થતો હોય છે એને બદલે અહીં છૂટાછેડા ને "આઝાદીના ઉત્સવ" રૂપે મનાવ્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સમાજમાં સામાન્ય રૂપે દીકરીના છૂટાછેડા થાય ત્યારે માતા-પિતાની સાથે સમગ્ર પરિવાર પણ દુઃખી થતો હોય છે. એને બદલે ઉત્તર પ્રદેશના મેરઠમાં એક પિતાએ સામાજિક રૂઢિચુસ્તતા તોડીને એક નવો ચીલો ચાતર્યો છે. પોતાની પુત્રીના છૂટાછેડા પર શોક મનાવવાને બદલે આ પરિવારે ઢોલ-નગારા અને પુષ્પવર્ષા સાથે તેનું ભવ્ય સ્વાગત કરીને આ પ્રસંગને ઉત્સવમાં ફેરવી નાખ્યો હતો.

સોશિયલ મીડિયા પર આ અનોખા સ્વાગત ના વિડીયો હાલ ભારે વાયરલ થઈ રહ્યા છે અને લોકો પિતાના આ પ્રગતિશીલ વિચાર ના વખાણ કરી રહ્યા છે. મેરઠના શાસ્ત્રીનગર ની રહેવાસી પ્રતીક્ષા ના લગ્ન વર્ષ ૨૦૧૮ માં શાહજહાંપુરના મેજર ગૌરવ અગ્નિહોત્રી સાથે થયા હતા. આ દંપતિને એક પુત્ર પણ છે, પરંતુ લગ્નના થોડા સમય બાદ જ સાસરી પક્ષે હેરાનગતિ અને વિવાદો શરૂ થયા હતા. લાંબી કાનૂની લડાઈ બાદ, ૦૪ એપ્રિલના રોજ કોર્ટે સત્તાવાર રીતે તેમના છૂટાછેડા મંજૂર કર્યા હતા. પ્રતીક્ષા જ્યારે આ કાનૂની લડાઈ જીતીને ઘરે પરત ફરી ત્યારે





તેના પિતાએ તેને હાર માનવાને બદલે નવી શરૂઆત કરવા માટે પ્રોત્સાહિત કરી હતી. પ્રતીક્ષા ના પિતા, જેઓ નિવૃત જજ છે .તેમણે આ પ્રસંગને ખાસ બનાવવા માટે કોઈ કસર છોડી ન હતી. તેમણે પોતાની પુત્રીના ફોટાવાળી બ્લેક ટી-શર્ટ પહેરી હતી. જેના પર " I LOVE MY DAUGHTER " લખેલુ હતું. જ્યારે પ્રતીક્ષા ઘરે પહોંચી ત્યારે પરિવારના સભ્યોએ ઢોલ વગાડીને ડાન્સ કર્યો હતો અને તેના પર ફૂલોનો વરસાદ કર્યો હતો. આ દ્રશ્ય જોઈને આસપાસના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. કારણકે સમાજમાં સામાન્ય રીતે છૂટાછેડા અને કલંક અથવા દુઃખની ઘટના માનવામાં આવે છે. આ પ્રેરણાદાયી પગલાં અંગે પિતાએ જણાવ્યું હતું કે, "હું મારી પુત્રીને દુઃખી જોઈ શકતો નથી. જો તે તેના છ વર્ષના લગ્ન જીવનમાં નાખુશ હતી અને પરેશાન થઈને ઘરે પાછી ફરી છે તો હું નથી ઈચ્છતો કે તેને વધુ પીડા થાય. મારો ઉદ્દેશ્ય સમાજને સંદેશ આપવાનો છે કે દીકરીઓ દીકરા સમાન જ છે અને તેઓ સમાન પ્રેમ,ગૌરવ અને સમર્થન મેળવવાને પાત્ર છે." નેટિઝન્સ આ પિતાને "રીયલ હીરો" ગણાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે જો દરેક પરિવાર આ રીતે દીકરીઓની પડખે ઉભો રહે તો ઘરેલુ હિંસા અને સામાજિક કલંક સામેની લડાઈ સરળ બની જશે. આને કહેવાય દીકરી તો વહાલ નો દરિયો.

# રમકડાંના સાપ અને વાઘનું ચામડું અશોક ખરાત કયાંથી લાવ્યો હતો? એનો જવાબ હજી મળ્યો નથી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

મહિલાઓના જાતિય શોષણ અને કાળા કરતૂતોના કારણે જેલમાં બંધ ભોન્દુબાબા અશોક ખરાતને બળાત્કારના મુખ્ય કેસ જેમાં તેના જ ઓફિસ સ્ટાફની સાત મહિનાની ગર્ભવતી પત્નીનું જાતિય શોષણ કરવાનો આરોપ છે એમાં ધરપકડ કરીને વિડીયો લિંક ધ્વારા મહારાષ્ટ્રના નાશિક જિલ્લાની એક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

જ્યાં ગુરુવારે તેને પાંચ દિવસની પોલીસ-કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.




રિમાન્ડ અરજી પર દલીલો દરમ્યાન ખુલાસો થયો હતો કે પોલીસે હજી પણ એ શોધવાનું બાકી છે કે અશોક ખરાત તેના ગ્રાહકોને ડરાવવા માટે રમકડાંના સાપ અને વાઘનું ચામડું ક્યાથી લાવ્યો હતો.એથી કસ્ટડી લંબાવવામાં આવી હતી.

# રાજુ કરપડાએ ગઈ કાલે કેસરીયો ખેસ પહેર્યો અને આજે શુક્રવારે મળી ટીકીટઃ સુરેન્દ્રનગર જિલ્લાની મુળી-ર બેઠક પરથી ભાજપે મેદાનમાં ઉતાર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના રાજકારણમાં એક મોટો અને ચોંકાવનારો વળાંક આવ્યો છે. ગઈ કાલે ગુરૂવારે જ ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરનાર જાણીતા ખેડુત નેતા રાજુ કરપડાને ૨૪ કલાકની અંદર જ જિલ્લા પંચાયતની ટીકીટ ફાળવી દેવામાં આવી છે. ભાજપના આ સીધા અને આશ્ચર્યજનક નિર્ણયથી સુરેન્દ્રનગરના સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. મળતી



માહિતી અનુસાર સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતની આગામી ચુંટણી માટે ભાજપે મુળી-ર બેઠક પરથી રાજુ કરપડાને પોતાના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. રાજુ કરપડા આ વિસ્તારના મોટા ખેડુત આગેવાન છે. તેઓએ ગઈ કાલે ગુરૂવારે જ વિધિવત રીતે કેસરીયો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાયા હતા. પાર્ટીમાં આવતાની સાથે જ તરત ટીકીટ મળી જતા રાજકીય ગલીયારાઓમાં અનેક ચર્ચાઓએ જોર પકડયુ છે. મુળી-ર બેઠક પર ભાજપે એકદમ નવા ચહેરાને તક આપીને સ્થાનિક સ્તરે પોતાની સ્થિતિ વધુ મજબુત કરવાનો મોટો દાવ રમ્યો છે. રાજુ કરપડા ખેડુતો વચ્ચે સારી એવી પકકડ ધરાવે છે. જેનો સીધો ફાયદો ભાજપ પોતાની વોટબેંકમાં ઉઠાવવા માંગે છે.

રાજુ કરપડાની ઉમેદવારી જાહેર થતા જ તેમના સમર્થકો અને પક્ષના સ્થાનિક કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૨૪ કલાકમાં જ પાર્ટી પ્રવેશ અને સીધી ટીકીટ ફાળવણીની આ ઘટનાએ વિપક્ષોની ઉંઘ પણ હરામ કરી દીધી છે. રાજુ કરપડાને મેદાનમાં ઉતાર્યા બાદ હવે આ બેઠક પરનો ચુંટણી જંગ અત્યંત રસપ્રદ બનવાની પુરેપુરી શકયતા છે. સામા પક્ષે કોંગ્રેસ અને અન્ય વિપક્ષો પણ હવે અહીં પોતાના મજબુત ઉમેદવારો મેદાનમાં ઉતારવાની કવાયતમાં લાગી ગયા છે. સૌની નજર હવે મુળી-ર બેઠક પરના પરીણામ પર રહેશે.

# ભાજપે મુસ્લીમ સમુદાયને ખુશ કરવા માટે છેલ્લી ઘડીએ ૨૩ મુસ્લીમ ચહેરાઓને ટીકીટ આપીને અજમાવ્યુ સોશીયલ કાર્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં પાલિકા અને પંચાયતોની ચુંટણીઓ માટે ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવાનો સીલસીલો યથાવત છે. આજે તારીખ ૧૧ એપ્રિલના રોજ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. તેમ છતાં હજુ પણ હજારો બેઠકો પર નામ જાહેર કરવાના બાકી હોવાથી રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપ દ્વારા પાર્લામેન્ટ્રી બોર્ડ ની વધારાની બેઠકો બોલાવીને બપોર સુધીમાં બાકીના તમામ મુરતીયાઓના નામ જાહેર કરી દેવા માટેની



કવાયત હાથ ધરવામાં આવી હતી.

આ ચુંટણીમાં ભાજપની રણનીતીમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. અમદાવાદના કોંગ્રેસના મુસ્લીમ ઉમેદવારનો વિરોધ કરનાર ભાજપે પોતાની બીજી યાદીમાં ૨૩ મુસ્લીમ ઉમેદવારોને ટીકીટ આપી મુસ્લીમ સમુદાયને ખુશ કરી દીધો છે. જેમાં ધોળકા નગરપાલિકામાં સૌથી વધુ ૮ મુસ્લીમ સમુદાયના લોકોને ટીકીટ આપવામાં આવી છે. તો બીજી તરફ સિધ્ધપુરમાં ૪, વિરમગામ અને દહેગામમાં ૩-૩ મુસ્લીમ ચહેરાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ ઉપરાંત કલોલ, ધંધુકા અને સાણંદની વિવિધ પંચાયતોમાં પણ મુસ્લીમ ઉમેદવારોને પક્ષે પસંદ કરી ટીકીટ આપી છે.

# વડોદરા જિલ્લાના સાવલીમાં ભાજપ મહિલા મોરચાના મહામંત્રીને ટીકીટ ન મળતા આપ્યું રાજીનામું : કેમેરા સામે રડી પડયા વૈશાલી પુરોહિત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરા જિલ્લાના સાવલી નગરપાલિકાની ચુંટણીમાં ઉમેદવારીપત્ર ભરાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીમાં ભંગાણના સંકેતો મળી રહ્યા છે. વોર્ડ નં.૫ ની ટીકીટ ન મળતા મહિલા મોરચાના મહામંત્રી વૈશાલી પુરોહિતે પક્ષ સામે બગાવત કરી છે. અન્યાયનો આક્ષેપ કરી તેમણે પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામુ ધરી દીધુ છે.

વૈશાલી પુરોહિતે પક્ષના નિર્ણય સામે ભારે આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે તેઓ વરસોથી પાયાના કાર્યકર તરીકે પક્ષની સેવા કરી રહ્યા છે. તેમ છતાં ટીકીટ ફાળવણીમાં તેમની ધરાર અવગણના કરવામાં આવી છે. પોતાની નારાજગી વ્યકત કરતા સમયે તેઓ ભાવુક થઈ ગયા હતા અને કેમેરા સામે જ રડી પડયા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે પક્ષે ઉમેદવારોની પસંદગીમાં ભારે ગેરરીતી કરી છે. વૈશાલીબેને ગંભીર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે એક વોર્ડ ના સભ્યને બીજા વોર્ડ માં ટીકીટ ફાળવીને સ્થાનિક દાવેદારોનો હક્ક છીનવવામાં આવ્યો છે. આ પ્રકારની નીતિને કારણે પક્ષના નિષ્ઠાવાન કાર્યકરોમાં ભારે રોષ છે. સાવલી ભાજપમાં મહિલા નેતાનુ આ રાજીનામુ અને જાહેરમાં આક્રોશ આગામી ચુંટણીના પરીણામો પર મોટી અસર કરી શકે છે. હાલમાં સ્થાનિક સંગઠન આ મામલે મૌન સેવી રહ્યુ છે. પરંતુ કાર્યકરોમાં ચાલતી ચર્ચાએ મોટુ સ્વરૂપ ધારણ કર્યુ છે.




# વડોદરાના અટલાદરામાં ગરમીની શરૂઆત થતાં જ પાણીનો કકળાટઃ સ્થાનિકોએ ચુંટણીનો કર્યો બહિષ્કાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરાના અટલાદરા વિસ્તારમાં ગરમીની શરૂઆત થતાની સાથે જ પાણીનો કકળાટ હવે ચુંટણીના બહિષ્કાર સુધી પહોચ્યો છે. અટલાદરાના કોઠી ફળીયામાં છેલ્લા લાંબા સમયથી દુષિત અને ગંદુ પાણી આવતુ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નકકર કામગીરી ન કરાતા રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીને ધ્યાને રાખી, રોષે ભરાયેલા મતદારોએ




પાણી નહીં તો વોટ નહીંના બેનરો સાથે એકઠા થઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, અનેક રજુઆતો બાદ પણ સમસ્યા હલ ન થતા હવે ચુંટણીઓ ટાંણે જ ઉમેદવારોએ મતદારોના આકરા મિજાજ અને વિરોધ વંટોળનો સામનો કરવો પડી રહ્યો છે.

# ભાવનગર જિલ્લાના મહુવા ભાજપમાં ભડકો : ઉપપ્રમુખ લલીતભાઈ ભુતે આપ્યું રાજીનામું : ટીકીટ કપાતા પક્ષ સામે બગાવતના સુર

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો જંગ જામી રહ્યો છે. ત્યારે ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. મહુવા શહેર ભાજપના ઉપપ્રમુખ લલીતભાઈ બાલાભાઈ ભુતે પોતાના તમામ હોદ્દા પરથી રાજીનામુ ધરી દેતા રાજકીય ક્ષેત્રે અનેક તર્ક વિતર્ક શરૂ થયા છે.


લલીતભાઈ ભુતે જિલ્લા પ્રમુખને પાઠવેલા પત્રમાં સત્તાવાર રીતે એવુ જણાવ્યુ છે કે પરીવારની મોટી જવાબદારી આવી ગઈ હોવાથી તેઓ પક્ષના કામમાં પુરતો સમય આપી શકે તેમ નથી, તેથી સ્વેચ્છાએ રાજીનામુ આપી રહ્યા છે. જો કે આ પત્ર પાછળની વાસ્તવિકતા કંઈક અલગ જ હોવાનુ બહાર આવ્યુ છે. જયારે લલીતભાઈ ભુત સાથે આ અંગે ટેલીફોનીક વાતચીત કરવામાં આવી ત્યારે તેમણે સ્ફોટક ખુલાસો કર્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે મહુવા નગરપાલિકાની ચુંટણીમાં પક્ષ દ્વારા તેમની ટીકીટ કાપવામાં આવતા તેઓ નારાજ છે. છેલ્લા ૧૦ વરસથી નિષ્ઠાપૂર્વક ભારતીય જનતા પાર્ટીમાં સેવા આપતા હોવા છતાં ટીકીટ ન મળતા તેમણે આ આકરો નિર્ણય લીધો છે.

લલીતભાઈએ માત્ર રાજીનામુ આપીને સંતોષ નથી માન્યો, પણ પક્ષને સીધી ચીમકી પણ આપી છે, તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ છે કે જો પાર્ટી મને ટીકીટ નહી આપે, તો હું આગામી સમયમાં અન્ય પક્ષમાંથી ચુંટણી લડવા માટે પણ તૈયાર છું. આ નિવેદનને પગલે મહુવામાં ભાજપની વોટબેંક માં ગાબડુ પડવાની પુરેપુરી શકયતા સેવાઈ રહી છે.

# પાટણમાં એસઆઈઆર ની કામગીરી સામે ઉઠયા સવાલોઃ ચુંટણીપંચ મતદાર યાદીમાંથી પૂર્વ કલેકટરનુ નામ કમી કરવાનુ જ ભુલી ગયું

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ જિલ્લામાં ચુંટણીપંચ દ્વારા કરવામાં આવેલી એસઆઈઆરની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. કારણ કે પાટણના પૂર્વ કલેકટરની બદલીના એક વરસ બાદ પણ હજુ તેમનુ નામ મતદાર યાદીમાંથી કમી કરવામાં આવ્યુ નથી, પાટણ નગરપાલિકાની વર્ષ ૨૦૨૬ ની પ્રસિધ્ધ થયેલી નવી મતદાર યાદીમાં પૂર્વ કલેકટર અરવિંદ વિજયન અને તેમની પત્નીનું નામ ફોટા સાથે જોવા મળતા તંત્ર દોડતુ થયુ છે. નવાઈની વાત તો એ છે કે અરવિંદ વિજયનની બદલી થયાને એક વરસથી વધુ સમય




વીતી ચુકયો છે.છતાં એસઆઈઆરની કામગીરીમાં આ મોટી ક્ષતિ રહી ગઈ છે. સામાન્ય જનતાના નામ સુધારવામાં કડક નિયમો રાખતુ તંત્ર જયારે પોતાના જ પૂર્વ ઉચ્ચ અધિકારીઓનુ નામ હટાવવાનુ ભુલી જાય, ત્યારે આ એસઆઈઆર ની કામગીરીની વિશ્વસનિયતા પર સવાલો ઉઠી રહ્યા છે.

### ગુજરાતના આઈપીએસ એસોસીએશનની બેઠક : ૮ માં પગારપંચ મુદ્દે લેવાયો મહત્વનો નિર્ણય

# ગુજરાત પોલીસ બેડામાં અમદાવાદ પોલીસ કમિશ્નર જી એસ મલીકને મળી નવી જવાબદારી : જી એસ મલીક બન્યા પ્રમુખ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના આઈપીએસ એસોસીએશનના ગુજરાત ચેપ્ટરની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગાંધીનગર અને અમદાવાદના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પ્રત્યક્ષ હાજર રહ્યા હતા. જયારે રાજયના અન્ય જિલ્લાઓના અધિકારીઓએ વિડીયો કોન્ફરન્સ દ્વારા હાજરી આપી હતી. બેઠકમાં એસોસીએશનના નવા પદાધિકારીઓની વરણી અને પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં અમદાવાદના



પોલીસ કમિશ્નર જી એસ મલીકને સર્વાનુમતે પ્રમુખ તરીકે અને પીયુષ પટેલને ઉપપ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા હતા. આ ઉપરાંત સેક્રેટરી તરીકે નિપુર્ણા એમ તોરવણે અને ખજાનચી તરીકે એન એન ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે. અશોક યાદવ, લવિના સિંહા, રવી તેજા, આયુષ જૈન સહિતના અધિકારીઓને કારોબારી સમિતિના સભ્ય તરીકે સ્થાન મળ્યુ છે. આ બેઠકમાં ખાસ કરીને ૮ માં પગારપંચ સમક્ષ કરવાની થતી રજુઆત અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. એસોસીએશને આ મુદ્દે એક વિગતવાર નોધ તૈયાર કરવા માટે ખાસ પેટા સમિતિ ની રચના કરવાનો નિર્ણય લીધો છે. આ સમિતિ અધિકારીઓના વેતન અને ભથ્થા સંબંધિત પ્રશ્નોનો ડ્રાફટ તૈયાર કરી સરકાર સમક્ષ રજુ કરશે. આઈપીએસ એસોસીએશનના પદાધિકારીઓમાં (૧) પ્રમુખ જી એસ મલીક (૨) ઉપપ્રમુખ પીયુષ પટેલ (૩) સેક્રેટરી નિપૂર્ણા એમ તોરવણે (૪) ખજાનચી એન એન ચૌધરી કારોબારી સભ્યોમાં જોઈએ તો (૧) ગગનદીપ ગંભીર (૨) અશોક યાદવ (૩) વિરેન્દ્ર યાદવ (૪) વિશાલ વાઘેલા (૫) સુનિલ જોશી (૬) કરણરાજ વાઘેલા (૭) પાર્થરાજસિંહ ગોહિલ (૮) રવિ તેજા વાસમ શેટ્ટી (૯) રાજેશ ગઢીયા (૧૦) રાજદીપ ઝાલા(૧૧) ઓમ પ્રકાશ જાટ (૧૨) વિશાખા ડબરાલ (૧૩) લવિના સિંહા (૧૪) આયુષ જૈન

# દાહોદ ભાજપમાં મોટુ ગાબડુ : ટીકીટ ન મળતા નારાજ ૫ પૂર્વ કાઉન્સિલરોએ કોંગ્રેસનો પંજો પકડયો




પ્રતિનિધિ,ગાંધીનગર

દાહોદમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ ભાજપમાં મોટુ ગાબડુ પડયુ છે. જયાં ટીકીટ ન મળતા નારાજ થયેલા પાંચ પૂર્વ કાઉન્સિલરોએ કેસરીયો છોડી કોંગ્રેસનો હાથ પકડયો છે. વોર્ડ નં. ૧ માં થી લક્ષ્મણભાઈ રાજગોર અને માસુમા ગરબાડાવાલા, વોર્ડ નં.૫ માં થી કિંજલ પરમાર તેમજ વોર્ડ નં. ૬ માં થી અહેમદભાઈ ચાંદ અને અશ્વતબેન દલાલ પોતાના સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાયા છે. કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ અને શહેર પ્રમુખની ઉપસ્થિતિમાં આ તમામ નેતાઓને સ્વાગત કરવામાં આવ્યુ હતું. ભાજપ દ્વારા અવગણના કરાતા પૂર્વ કાઉન્સિલરોએ લીધેલા આ આકરા નિર્ણયથી દાહોદ નગરપાલિકાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

# મોરબી જિલ્લાના માળિયા મિયાણા પાસે પુત્રએ કુહાડીના ઘા ઝીંકી વૃદ્ધ પિતાની હત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબી જિલ્લાના માળીયા મિયાણા તાલુકામાં કામ-ધંધા બાબતે પિતાએ પુત્રને ઠપકો આપતા, ઉશ્કેરાયેલા પુત્રએ પોતાના જ વૃદ્ધ પિતા પર કુહાડી વડે જીવલેણ હુમલો કરી તેમની નિર્મમ હત્યા નિપજાવી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આરોપી પુત્રની ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે.મોટાભેલા ગામે રહેતા ૮૫ વર્ષીય જીવણભાઈ સોમાણીએ તેમના પુત્ર પ્રવીણ ઉર્ફે પવો જીવણભાઈ સોમાણીને કોઈ કામ-ધંધો કરવા બાબતે ઠપકો આપ્યો હતો. પિતાના આ ઠપકાથી પુત્રને માઠું લાગતા તેણે પિતા સાથે ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી. આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પ્રવીણે ઘરમાં રહેલી કુહાડી ઉઠાવી પિતા પર હુમલો કરી દીધો હતો. વૃદ્ધ પિતાના બંને પગના કાંડાના ભાગે કુહાડીના ઊંડા અને જીવલેણ ઘા મારી દેતા જીવણભાઈ લોહીલુહાણ થઈ ગયા હતા અને ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.આ ઘટના અંગે મૃતક જીવણભાઈના બીજા પુત્ર ભરતભાઈ ઉર્ફે ભટ્ટી જીવણભાઈ સોમાણી (ઉં.૨૮)એ માળીયા તાલુકા પોલીસ સ્ટેશનમાં પોતાના જ સગા ભાઈ પ્રવીણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.